# માહિતી પુસ્તીકા

# " સમરસ ગ્રામ પંચાયત "

## ભાદરણ-૨૦૨૨



# મારુ ભાદરણ એક અદભુત ગામ

આમ તો મારા ગામ ભાદરણ નો ઈતિહાસ જાજરમાન છે. ગાયકવાડ રાજાની સમયમા પણ આ ગામની જાહોજલાલી ચરમ સીમાએ હતી. આઝાદી પહેલા થી જ દરેક ઘર ગટરલાઈન તેમજ પાણીની લાઈન ધરાવતા હતા. સાથે ગામ આખામા દીવા-બતી ની વ્યવસ્થા પણ હતી.આઝાદીની ચળવળ સમયેના ભીતસુત્રો આજે પણ દીવાલો પર હયાત છે. ગામ નું હુલામણું નામ ચરોતરનું પેરીસ પણ છે. જેનું કારણ ગામ મધ્યે આવેલ ટાવર તેમજ ગામની ઉચ્ચાતમ સગવડો છે.

મારુ આ ગામ આવો સુવર્ણ વારસો ધરાવતું હોય ત્યારે અમોએ પણ નક્કી કર્યુ છે. કે ગામ ને અધ્યતન ગામ બનાવી ભારત ભરમાં નામના મળે તેવું કામ કરીશુ. તે માટે અમો ધ્વારા પ્રથમ તો ગામની શું મુશ્કેલીઓ છે તેમજ શું નવીન જરૂરીયાત છે તે જાણકારી મેળવવા ના હેતુથી એક એક્સપર્ટ ટીમ હાયર કરી ગામ નો સંપૂર્ણ સર્વે કરાવ્યો અને ત્યારબાદ તેજ સર્વે ના આધારે આગળનું આયોજન કરી, ગામનું નવીનીકરણ કરવાનું શરૂ કર્યુ.

## ૧. નવીન ગટર લાઈન

ગટર લાઈન એ પ્રાથમિક જરૂરીયાત છે. આમ તો આપણું ગામ ૧૯૩૭ થીજ ગટરલાઈન ધરાવતું હતું પણ સમય વીત્યે વસ્તી વધતા ગામ વીકસ્યું જેને કારણે જુની ગટર લાઈન અપૂરતી બની જેથી સર્વે ના આધારે ગટર લાઈનને બે ભાગ મા વહેચી ગામ ને ગટર બાબત ની તકલીફ ના પડે તે સુનિશ્ચિત કરી આ માટે ૧.૫ કી.મી જેટલી નવી ગટર લાઈન નાખી તે સાથે એક નવું પમ્પીંગ હાઉસ પણ બનાવ્યું.

આ સાથે કોઈ જગ્યા પર ગટર લાઈનમા  સુધારો જરૂરી હોય ત્યાં જરૂરી ફેરફાર કર્યા અલકાપુરી વિસ્તાર માં અંદાજીત ૪૦૦ મી. જેટલી નવી ગટર લાઈન પણ નાખી.

## ૨. પંચાયત શોપિંગ સેન્ટરનું સુશોભન

આપણા  ગામમાં પંચાયત હસ્તકના કેડીલા ગેટ થી મિત્રમંડળ દવાખાના સુધી શોપિંગ સેન્ટરો આવેલા છે જેમાં રહેલી તમામ દુકાનોનું એક સરખું બંધારણ કરી સાથે એકજ જેવા કલર થી રંગરોગાન કરી વિશેષ દેખાઈ આવે તે રીતે સજ્જ કર્યા.

## ૩. ગામના મુખ્ય રસ્તાઓ નું નવીની કરણ

કેડીલી ગેટ થી દરવાજી ભાગોળ તેમજ બસ સ્ટેન્ડ સુધી ના મુખ્ય માર્ગો નું નવીની કરણ કરવાનું આયોજન R&B માંથી પાસ કરાવ્યું. અત્યાર સુધી વરસાદી પાણીના યોગ્ય નિકાલની યોજના નહોતી. બહાર ગામનું પાણી પણ મુખ્ય રસ્તા પરથી પસાર થઈ વેહતું હતું જેના કારણે મુખ્ય રોડ  ધોવાઈ જતા તેમજ પાણી  પણ ભરાતું હતુ. હવે આ નવીન રોડ ની યોજનામાં રોડ જલ્દી થી ધોવાઈ નહિ અને વધુ સમય સુધી ટકી રહે અને ગ્રામ જનોને કાયમી રાહત થાય તે હેતુ થી આર.સી.સી.ના પાસ કરાવ્યા સાથે પાણી ના નિકાલ અર્થે નવીન રોડ ની બાજુમાં પાણીના નિકાલ માટે ની લાઈનો મુખ્ય તળાવ સુધી નાખવામા આવશે તેમજ બહાર ગામનું પાણી મુખ્ય રસ્તા પરથી જાય નહિ તે માટે ત્રણ રસ્તા પાસે ના શોપિગ સેન્ટર આગળથી

નિકોટીન સુધી નો કાંસ બનાવી સીધું તળાવમા પહોચે તેવું આયોજન કર્યુ. આ સાથે જણાવવાનું કે આર.સી.સી રોડ ૬ ઈંચ મેટલ ત્યાર બાદ ૬ ઇંચ પી.સી.સી. અને ત્યાર બાદ સળિયા ભરી લગભગ ૧૦ ઇંચ ની ભરાઈ સાથે ખુબજ મજબુત અને લાંબો સમય ટકે તેવું આયોજન કરેલ છે. જયારે આવા સુંદર રોડ નું આયોજન થયેલુ હોય ત્યારે સોને પે સુહાગા ની માફક રોડ નો ઉઠાવ આવે અને ગ્રામજનોની સુવિધા સચવાય તે હેતુ થી રોડ ની બંને તરફ ફૂટપાથ બનાવી સગવડ આપવામા આવી છે. આ સાથે ગામ ની શોભા વધે અને સાથે સાથે પર્યાવરણ પણ સચવાય તે રીતે ફૂટપાથ અને રોડની વચ્ચે ફૂલ છોડ અને મોટા ઝાડવાઓનું રોપાણ કરવામાં આવશે. આ સાથે ફૂટપાથની લગોલગ નવની સ્ટ્રીટ લાઈટનાં પોલ નાખી શોભામાં અભિવૃધ્ધિ કરવામાં આવી છે. આ સાથે ગામ મા સુરક્ષા જળવાય તે હેતુથી અત્યાધુનિક સી.સી.ટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. નવીન રોડ બન્યા બાદ પાર્કિંગ ઝોન પણ બનાવવા મા આવશે. જેથી પાર્કિંગ સમસ્યાને નિવારી શકાય.આ સાથે ગામની દરેક સ્ટ્રીટ લાઈટનું પણ નવીની કરણ કર્યું. અત્યારે આપ જુવો છો તેમ કેડીલા ગેટ થી બસસ્ટેન્ડ સુધી,કેડીલા ગેટથી દરવાજી ભાગોળ સુધી તેમજ પટેલવાડી પાસે ફૂટપાથ બની ગયા છે. તેજ પ્રમાણે બસસ્ટેન્ડ થી પીપલ્સ બેન્ક સુધી, મિત્ર મંડળ દવાખાનાથી પોલીસ સ્ટેશન સુધી, ઈંગ્લીસ મીડીયમ સ્કુલથી ભદ્ર પાર્ક સુધી અને પંચાયત થી સ્મશાન સુધી નવીન ફૂટપાથ, સ્ટ્રીટ લાઈટ અને ફૂલ-ઝાડ સાથે સી.સી.ટીવી કેમેરા લગાવવાનું આયોજન કરેલ છે. ઈશ્વરકૃપા સોસાયટીમાં મિત્રમંડળ દવાખાના પાસેથી ગંભીરા રોડ સુધી નવીન ફૂટપાથનું પણ તેજ રીતે આયોજન કરેલ છે.

## ૪. વાસ્મો દ્રારા પાણી ની નવીન લાઈનો નું કામ

તમને થશે કે, ગામમાં અત્યારે પાણીની લાઈનો છેજ તો નવીન લાઈનો શા માટે? તો ગ્રામજનો ને જણાવવાનું કે આપણી જુની લાઈનો ૮૦ થી પણ વધુ વર્ષ જુની છે જેમાં લાગેલા વિભાગીય વાલ્વ અત્યારે એક પણ કાર્યરત નથી સાથે સાથે સમયે વીતે પુરાણો થવાથી લાઈનો ખુબજ ઊંડી થઈ ગયેલ છે ૮૦ વર્ષ થી પણ વધુ સમય થવાના કારને ઘણીખરી લાઈનો જર્જરિત થઈ ગઈ છે આ સાથે વાલ્વ સિસ્ટમ પણ કાર્યરત ન હોવાથી નાના અમથા રીપેરીંગ કામ માટે આખા ગામનું પાણી બંધ કરવાની નોબત આવે છે.જેથી હવે નવા પ્લાનિંગ થી નવીન લાઈનો જુદાજુદા ઝોન પાડી નાખવામા આવી રહી છે. આ સાથે કુલ નવી ત્રણ ટાંકીઓ નું પણ આયોજન કરવામા આવ્યું છે તે પૈકી એક ટાંકી કોલેજ રોડ પાસે, બીજીટાંકી ગટર ના કૂવા પાસે અને ત્રીજી મોટી ટાંકી હાલ મા જ્યાં વોટરવર્ક્સ છે ત્યાં નિર્માણ પામનાર છે. આઝાદી પહેલાથીજ જે ગામ પાણી ની સગવડ ધરાવે છે ત્યાં દિવસ મા બે કે ત્રણ કલાક પાણી અપાતુ હોય તે યોગ્ય નથી મોટા ભાગ ના ગરીબ વર્ગ ના લોકો પાસે પાણી ભરી રાખવા માટે ની વ્યવસ્થા નથી. આ પરિસ્થિતિમા જો ૨૪ કલાક પાણી આપવામા આવે તો આવો વર્ગ જયારે પણ જરૂરિયાત ઉભી થાય ત્યારે સરળતાથી પાણી વાપરી શકે તેમજ તેઓના ઘરે કોઈ પ્રસંગ હોય ત્યારે ટેન્કર દ્વારા વેચાતું પાણી લેવું ના પડે અને પ્રસંગ દરમ્યાન સરળતાથી પાણી વાપરી શકાય તે હેતુથી પણ ૨૪ કલાક પાણી આપવું જરૂરી છે.

હવે જયારે પાણી ની સગવડ ૨૪ કલાક આપવાનીજ હોય ત્યારે આ મહામુલા પાણીનો બગાડ ન થાય તે પણ ધ્યાન રાખવું જરૂરી છે. હાલ બે ત્રણ કલાક પાણી અપાતું હોય તો પણ ગટર ના ફૂવાઓ ધ્વારા દરરોજ ૧૪ થી ૧૫ લાખ લીટર પાણી ઉલેચવું પડે છે. જેનું વીજ બીલ વાર્ષિક ૬ થી ૭ લાખ રૂપિયા આવે છે. આમ સુવિધા સાથે પાણી નો બગાડ અટકે તે હેતુ થી પાણીનાં મીટર ઘરે ઘરે લગાડવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ મીટર રેડિયો ફ્રીક્વાન્સી થી વંચાશે જે પંચાયત ઘરે બેસી નેજ સોફ્ટવેર ધ્વારા વાંચી શકાશે તેમા કોઈ ના ઘરે પાણી નો બગાડ થતો હશે. તો પણ જાણવા મળશે જેથી જે વ્યક્તિ ને ત્યાં પાણી નો બગાડ થઈ રહ્યો હશે તેવી વ્યક્તિને પંચાયત ધ્વારા જાણ કરી ચેતવવામા આવશે મીટર લગાવવાથી ખર્ચ વધી જશે તે માન્યતા ખોટી છે. મીટરમા ૧ યુનિટ એટલે કે ૧૦૦૦ લિટર પાણી પર ૨ રૂપિયા જેવો નજીવો દર નક્કી કરવામા આવ્યો છે. આ દર પણ એક વર્ષ ની સમીક્ષા પછી સુધારા ને પાત્ર છે. આમ માત્રને માત્ર પાણી ૨૪ કલાક આપી સુવિધા વધારી પાણી ના બગાડ ને અટકાવવાના શુભ આશયથીજ મીટર લગાવવાના છે આ મીટર ધ્વારા પંચાયત ને કોઈ આવક થાય તેવો કોઈ હેતુ નથી તો મારા વ્હાલા ગ્રામજનો એ કાર્ય દરમ્યાન અને મીટરથી પાણી ચાલુ થાય  ત્યાં સુધી આપને પડતી અગવડોને આપે જે અત્યાર સુધી સહકાર આપ્યો છે તેવોજ સહકાર આગળ પણ આપશો તેવી અપેક્ષા રાખીએ છીએ.

# ૫. ગેસ લાઈન

ઘરે ઘરે ગૃહિણીઓને ગેસના બોટલ વારમ-વાર ભરાવવામાંથી મુક્તિ મળે અને પાઈપલાઈન મારફતે અવિરત ગેસ મળી રહે તેવા ઉમદા હેતુ થી ગેસલાઈન ગામમાં આવે તે માટે ની મંજુરી મેળવી લીધી છે જેનું કામ પણ અત્યારે ચાલી રહ્યું છે.

ઉપરોક્ત બંને કામો માં ખોદકામ થશે જેથી અગવડ પડશે તો આપ સૌ સહકાર આપશો બીજી ખાસવાત ખોદકામ દરમ્યાન બધાજ નાગરિકોએ પાણી તેમજ ગેસ કનેકશન અવશ્ય મેળવી લેવું. જેથી રીપેરીંગ કામ થયા પછી ફરીથી તોડફોડ ના કરવી પડે. અત્યારે પાણીના કનેક્શન કોઈ જગ્યાએ બાકી હોય તો તે તમામ કનેક્શન ચોક્કસથી પુરા કરવામાં આવશે. તેમજ દરેકે દરેક ઘરને ગેસ કનેક્શન તેમજ પાણી કનેક્શન મળી રહે તેનું ધ્યાન રાખવામા આવશે ખોદકામ ના કારણે જે રોડ રસ્તા તૂટ્યા છે તે નું સમારકામ ચોમાસા પહેલા શક્ય નથી. જેથી ચોમાસા દરમ્યાન ખાસ અગવડ પડશે પરંતુ ચોમાસામા માટી દબાઈ જાય ત્યાર બાદ ક્રમ મુજબ મુખ્ય રોડ થી શરુ કરી ત્યારબાદ ફળિયા ના અંદરના રોડનું સમાર કામ કરવામાં આવશે તો ત્યાં સુધી જે અગવડ ગ્રામ જનો ને પડવાની છે તે માટે પણ અત્યાર સુધી આપેલા સહકાર જેવોજ સહકાર અગાઉ પણ આપતા રહેશો તેવી ફરીથી નમ્ર અરજ છે.

# સોલાર પાર્ક બનાવવાની યોજના

ગટર ના બે કુવા અને સ્ટ્રીટ લાઈટનું મળીને કુલ ૧૩ થી ૧૪ લાખ રૂપિયા વાર્ષિક વીજ બીલ આવે છે, જેમાંથી કાયમી મુક્તિ મેળવી પંચાયતની બચત થાય તે ઉમદા હેતુથી સોલાર સીસ્ટમ લગાડવાંનુ આયોજન કરેલ છે. જે અંતર્ગત ગટરના કુવા પાસે અને પંચાયત ઘરની પાછળની જમીનમાં સોલાર પાર્ક બનાવવાનું આયોજન કરેલ છે આશરે ૧૭૩ કી.વો. ની ક્ષમતાવાળી સીસ્ટમ લગાવવાનું નક્કી કરેલ છે.

# ગામના કચરા નો કાયમી નિકાલ

આ માટે પંચાયત ધ્વારા આવનારા સમયમાં વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ નાખવાનું નક્કી કરેલ છે. અત્યારે ગામમાંથી એકત્ર થતો કચરો રોજનો ત્રણ હજાર કિલો જેટલો જણાઈ આવેલ છે આટલા બધા કચરાનો જો યોગ્ય નિકાલ થાય નહિ અને તેને ગમે ત્યાં નાખવામાં આવે તો સમય અંતરે કચરાના ઢગ વાગે અને ગંદકી તેમજ દુર્ગંધ ફેલાય આવું ના બંને તે માટે આ આયોજન કરવામાં આવ્યું છે. ગામની સફાઈ કરવા માટે અત્યાધુનિક ઇલેક્ટ્રીક સાધનો વસાવવાનું નક્કી કરેલ છે જેથી ઓછા સફાઈ કામદારો થી વધુ કામ થઈ શકે આમ જે સફાઈ કામદારો વધારાના હસે તેઓને વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ પર લઈ જવામા આવશે. આ પ્લાન્ટમા ગામમાંથી પહેલેથીજ સુકો અને ભીનો કચરો ઘરે ઘરે જુદા બે પાત્ર આપી એકત્ર કરવામા આવશે. આ બધોજ કચરો એક જગ્યા પર શેડ બનાવી ત્યાં એકત્ર કરવામાં આવશે. આ શેડમાં આવેલ ભીનો કચરો ખાતર બનાવતી

કંપનીને વેચી દેવામા આવશે સુકા કચરાને પ્રથમ માટી કાકરા દુર કરી તેમાંથી રીસાઈકલ પ્લાસ્ટિક કચરાને જુદો કરી તેના બેલ્સ બનાવી વેચી દેવામા આવશે.બાકી બચેલો નકામો કચરો સરકાર માન્ય પ્રદુષણ રહિત ઇન્સીલેટર ધ્વારા બાળી નાખવામાં આવશે. બળ્યા બાદ જે રાખ બચશે તેને ઈંટવાડા અથવા બ્લોક બનાવનારને વેચી દેવામા આવશે.

## પંચાયત વિષે જાણકારી

હાલ ૨૪ વર્ષ વીત્યા પછી નવીન આકારણી કરવામાં આવી છે.નવીન આકારણીમા વધારો કર્યા બાદ હાલ પંચાયતનું કુલ માંગણું રૂપિયા ૫૦ લાખ આસપાસ થવા પામ્યું છે.આ સાથે પંચાયતની અન્ય સીધી આવક દુકાન ભાડા અને ચરાની આવક મળી ૧૭ થી ૧૮ લાખ રૂપિયા થાય છે. પરંતુ તેની સામે પંચાયતનો વહીવટી ખર્ચ ૩૯ લાખ રૂપિયા વાર્ષિક પગાર ખર્ચ, વાર્ષિક લાઈટબીલ ૧૪ લાખ રૂપિયા તેમજ નાના મોટા ગામના સમારકામો, સ્ટ્રીટલાઈટ રીપેરીંગ અને ડીઝલ ખર્ચ મળી અંદાજીત ૪ થી ૫ લાખ રૂપિયા આવે છે. આ સિવાય અન્ય પરચુરણ ખર્ચ ૨ થી ૩ લાખ રૂપિયા લાગે છે. જેનો મતલબ કે જો સમયસર માંગણા ની રકમ પુરેપુરી ન મળે તો પંચાયતની આર્થિક સધ્ધરતા જળવાય નહી તો આપ સૌ નાગગિરકોને અમારી અપીલ છે કે સમયસર વેરો ભરી પંચાયતને મદદરૂપ બનશો વેરો ભરવો એ પોતાની નૈતિક જવાબદારી સમજી માંગણા બીલ મળે કે ના મળે તો પણ તેને નિભાવવી અને પંચાયત ને મદદરૂપ બનવું.

જેમ નાગરિકોની સુવિધા એ પંચાયતની પ્રાથમિકતા છે તેજ રીતે પંચાયત ધ્વારા બનાવેલ કાયદાઓનું પાલન કરી દરેક ગ્રામજનોએ પોતાની ફરજ અદા કરવી જરૂરી છે.

# થોડા કાયદા વિષે જાણકારી

નવીન બાંધકામ માટે બાંધકામનો નકશો, સનદ, સીટીસર્વે નકલ અને તે ના હોય તો પંચાયત આકારણી સાથે ૩૦૦રૂ.નુ સોગંધનામુ રજુ કરી અગાઉ થી પંચાયતની મંજુરી મેળવવાની રહેશે. આ સાથે બાંધકામ ફી ભરી પહોંચ મેળવી લેવી.

રીનોવેશન કરવા માટે પણ રીનોવેશન ફી ભરી ફોર્મ ભરી સાથે જે તે જગ્યા પર રીનોવેશન કરવાનું હોય તેની નકલ મુકી પંચાયતની પૂર્વ મંજુરી મેળવી લેવી.

ગટર તેમજ પાણીના કનેક્શન માટે કનેક્શન ચાર્જ ભરવો અને પંચાયતની મંજુરી જરૂરી છે કોઈ પણ વ્યક્તિએ જાતે જોડાણ કરવું નહિ.

કોઈ વ્યક્તિ ઘર ઉતર્યા બાદ જો નવું ઘર ના બનાવવાના હોય તો આજુ બાજુના કરાને યોગ્ય રીતે રીપેર કરી પ્લાસ્ટર કરી આપવાની જવાબદારી ઘર ઉતારનાર વ્યક્તિ ની રહેશે.

ગામમાં રાત્રે અડચણ રૂપ ના થાય તે રીતે પાર્કિંગ કરવાની ફરજ પાડતો કાયદો બનાવેલ છે આ કાયદાની જરૂરીયાત એટલે ઉભી થઈ છે કે, રાત્રી દરીમ્યાન કોઈ અનિચ્છનીય ઘટના ઘટે જેવી કે આગ લાગવી કે પછી એમ્બ્યુલન્સ ની જરૂરિયાત ઉભી થવી આવા સમયે વાહનો અડચણ રૂપ હોય તો મહામુશ્કેલી સર્જાઈ શકે છે જેથી આવા ઉમદા આશયથી આ કાયદો રાત્રી દરમિયાન લાગુ કરેલ છે ખોદકામ પૂર્ણ થયે રીપેરીંગ કામ કર્યા બાદ શક્ય હશે ત્યાં રોડ પર પાર્કિંગની વ્યવસ્થા અડચણ ના થાય તે રીતે નવેસરથી લાગુ પાડવામાં આવશે.

સીટીસર્વે માં આવતા તમામ ગ્રામજનોએ દસ્તાવેજ કરતી વખતે અવશ્ય સીટીસર્વે નકલ આધારેજ દસ્તાવેજ કરવો જે તેઓના હિતમાં છે.

ખાનગી પ્લોટમાં સોસાયટીનું નિર્માણ કરનાર વ્યક્તિઓએ જે તે સોસાયટીમાં ગટર, પાણી અને રસ્તાનું કામ સ્વ ખર્ચે બિલ્ડરે પોતે કરાવવાનું રહેશે તેનું ગટર, પાણીનું પંચાયતી જોડાણ માત્ર પંચાયત ધ્વારા પંચાયતની લાઈનમા કરવાં દેવામાં આવશે જેની સર્વે એ નોધ લેવી.

# ઘરવિહોણા માટે પ્લોટની ફાડવણી

૮૦ ના દાયકામાં ઘરવિહોણા લોકો માટે જમીનની ફાડવણી કરવામાં આવેલ પરંતુ કોઈ કારણોસર તે જમીનોને કબજો લઈ તેને પ્લોટીંગ કરી લીભાર્થીઓને આપવામાં આવ્યા ના હતા સરકારી ગાઈડ લાઈન મુજબ જે જમીન જે હેતુ માટે ફાળવવામાં આવે તે હેતું પાંચ વર્ષ દરમિયાન જળવાય નહી તો જમીન જે તે હેતુ માટે ઉપયોગી રહેતી નથી માટે હાલની પંચયાત ધ્વારા નવેસરથી પહેલ કરીને ગામમાં રહેતા ઘર જમીન વિહોણા ગ્રામજનો માટે પ્લોટ મળી રહે તે શુભ આશયથી કલેક્ટરશ્રી પાસે ૩ હેક્ટર જેવી માતબર જમીન માંગવામાં આવી છે અને ત્યાં ગામના લાભાર્થી ને પ્લોટ મળી રહે તેવી યોજના હાથ ધરવામાં આવી છે આ જમીનમાં પ્લોટ સાથે રસ્તા, પાણી, ગટર, અને લાઈટની પણ વ્યવસ્થા પંચયાત થકી કરવામાં આવશે તો આ યોજના જેને લાગુ પડતી હોય તેવા તમામ લાભાર્થીઓએ પંચાયત કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો જુના લાભાર્થી વંચિત રહી ગયેલ તમામ લાભાર્થીને વેરીફીકેશન કરી સંપૂર્ણ લાભ મળે તેનું પણ ધ્યાન રાખવામાં આવશે.

ઉપરોક્ત તમામ વિકાસના કાર્યો સરકારી ગ્રાન્ટ નાણાપંચ, તાલુકા પંચાયત ગ્રાન્ટ, જીલ્લા પંચાયત ગ્રાન્ટ, ધારાસભ્ય શ્રી ની ગ્રાન્ટ, સાંસદ શ્રી ની ગ્રાન્ટ, પંચાયત સ્વભંડોળ અને લોક ભાગીદારીથી મળીને કરેલ છે. મુખ્ય રોડનું આર.સી.સી. કામ તેમજ પાણીના નીકાલ માટેની લાઈનો નું કામ R&B ધ્વારા મંજુર કરવામાં આવેલ છે પાણીની લાઈનોનું તેમજ ૨ ટાંકીઓનું કામ વાસ્મો ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. ૧ મોટી પાણીની ટાંકી ઓટેગા માંથી મંજુર થયેલ છે.લોકભાગીદારીથી અત્યાર સુધીમાં જે કઈ રકમ મળેલ છે તેની યાદી પણ આ સાથે રજુ કરેલ છે.

આપણું ગામ સર્વશ્રેષ્ઠ અને અધતન સુવિધા સભર બંને તે માટે અમોએ હાથ ધરેલા કાર્યોમાં સહભાગી બની

## "મારૂ ગામ શ્રેષ્ઠ ગામ"

સૂત્ર અપનાવી સૌ ગ્રામજનો એ અત્યાર સુધી સાથ સહકાર આપ્યો છે તેમ આગળ પણ સાથ સહકાર આપશો તેવી અભ્યર્થના

**આપના સહકારના અભિલાષી**
**સરપંચ / તલાટી કમમંત્રી / સભ્યશ્રીઓ**
**સમરસ ગ્રામ પંચાયત ભાદરણ**

# સમરસ ભાદરણ ગામના દાતાશ્રીઓની યાદી

| અનુ | નામ | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | સુર્યકાન્તભાઈ તળશીભાઈ પટેલ<br>(એસ.ટી.પટેલ પરીવાર) | ૩૨,૦૦,૦૦૦ |
| ૨ | પંકજભાઈ આર.પટેલ,ઝાયડસ ઈન્ફ્રાસ્ટ્રકચર,પ્રા.લી | ૨૫,૦૦,૦૦૦ |
| ૩ | એફ.જી.પટેલ, પરીવાર | ૨૫,૦૦,૦૦૦ |
| ૪ | રંજનબાલા નિરંજનભાઈ પટેલ | ૨૧,૦૦,૦૦૦ |
| ૫ | સ્વ.હિરાબેન મણીભાઈ પટેલ (ટ્રસ્ટ)<br>ઉદાયગીરી,વિહાંગ, પરીમલ | ૧૧,૧૧,૧૧૧ |
| ૬ | વિપીનભાઈ -મહેન્દ્રભાઈ - રાજુભાઈ -નિરજભાઈ<br>યુ.એસ. એ. વર્જિનિયા | ૧૧,૦૦,૦૦૦ |
| ૭ | મહેશભાઈ નટુભાઈ પટેલ | ૧૧,૦૦,૦૦૦ |
| ૮ | રસીકભાઈ મણીભાઈ પટેલ | ૧૧,૦૦,૦૦૦ |
| ૯ | અરવિંદભાઈ મગનભાઈ પટેલ (મનિષભાઈ) | ૬,૧૧,૧૧૧ |
| ૧૦ | ધનજયભાઈ ઉર્ફે શૈલેષભાઈ બાબુભાઈ પટેલ,<br>શિલ્પનભાઈ, પ્રવિણાબેન, અમિષાબેન | ૫,૮૫,૦૦૦ |
| ૧૧ | ભાદરણ પીપલ્સ કો.ઓ.બેન્ક લિ. | ૫,૦૦,૦૦૦ |
| ૧૨ | રઘુવીરભાઈ ચુનીભાઈ પટેલ | ૫,૦૦,૦૦૦ |
| ૧૩ | અલ્પા ઉમેશભાઈ પટેલ | ૫,૦૦,૦૦૦ |
| ૧૪ | શૈલેષભાઈ મધુભાઈ પટેલ,ભાદરણ હાલ (બેગ્લોર) | ૫,૦૦,૦૦૦ |
| ૧૫ | નરેન્દ્રભાઈ ચુનીભાઈ પટેલ | ૫,૦૦,૦૦૦ |

# સમરસ ભાદરણ ગામના દાતાશ્રીઓની યાદી

| અનુ | નામ | રકમ રૂા. |
|---|---|---|
| ૧૬ | જાહેર જળ અને સુખાકારી યોજના હેઠળ ગ્રામજનો નો લોકફાળો | ૪,૫૯,૦૦૦ |
| ૧૭ | કિરીટભાઈ ચીમનભાઈ પટેલ | ૩,૩૫,૦૦૦ |
| ૧૮ | નિરવ હસમુખભાઈ પટેલ | ૨,૫૧,૦૦૦ |
| ૧૯ | કલ્પેશભાઈ જયંતીભાઈ પટેલ | ૫,૦૫,૫૦૧ |
| ૨૦ | રાહુલભાઈ ઘનશ્યામભાઈ પટેલ | ૨,૦૦,૦૦૦ |
| ૨૧ | સૌરીનભાઈ ઘનશ્યામભાઈ પટેલ | ૨,૦૦,૦૦૦ |
| ૨૨ | મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલ | ૨,૦૦,૦૦૦ |
| ૨૩ | શશીકાંન્ત મણીભાઈ પટેલ | ૨,૦૦,૦૦૦ |
| ૨૪ | પ્રભુદાસ ચુનીભાઈ પટેલ | ૨,૦૦,૦૦૦ |
| ૨૫ | વિપીનભાઈ મણીભાઈ પટેલ | ૨,૦૦,૦૦૦ |
| ૨૬ | ધીમતંભાઈ પ્રવિણભાઈ પટેલ | ૧,૫૧,૦૦૦ |
| ૨૭ | વિજયભાઈ રાવજીભાઈ પટેલ | ૧,૫૦,૦૦૦ |
| ૨૮ | સ્વ.મહેન્દ્રભાઈ રાવજીભાઈ પટેલ હસ્તે સતીષભાઈ | ૧,૨૫,૦૦૦ |
| ૨૯ | હિરેનકુમાર સુભાષભાઈ પટેલ | ૧,૧૧,૧૧૧ |
| ૩૦ | સુર્યકાન્તભાઈ એન.દેસાઈ | ૧,૧૧,૦૦૦ |

# સમરસ ભાદરણ ગામના દાતાશ્રીઓની યાદી

| અનુ | નામ | રકમ રૂા. |
|---|---|---|
| ૩૧ | દેવનભાઈ રતિલાલ પટેલ | ૧,૧૧,૦૦૦ |
| ૩૨ | દિપકભાઈ અરવિંદભાઈ પટેલ | ૧,૧૧,૦૦૦ |
| ૩૩ | કુંવરસિંહ રુપસિંહ મહીડા,કરીશ્મા ટોબેકો | ૧,૦૧,૦૦૦ |
| ૩૪ | ગીરીશભાઈ શનાભાઈ પટેલ | ૧,૦૦,૦૦૦ |
| ૩૫ | સ્વ.મણીભાઈ રાવજીભાઈ પટેલ પરીવાર (રીપલભાઈ) | ૧,૦૦,૦૦૦ |
| ૩૬ | ભાદરણ દુધ ઉત્પાદક મંડળી સં.મ.લિ | ૧,૦૦,૦૦૦ |
| ૩૭ | પ્રવિણભાઈ અંબાલાલ પટેલ | ૧,૦૦,૦૦૦ |
| ૩૮ | ભુપેન્દ્રભાઈ રમણભાઈ પટેલ | ૨,૦૦,૦૦૦ |
| ૩૯ | રાજેન્દ્રભાઈ ચુનીભાઈ પટેલ | ૧,૦૦,૦૦૦ |
| ૪૦ | નવનીતભાઈ અંબાલાલ પટેલ | ૧,૦૦,૦૦૦ |
| ૪૧ | વાઘજીભાઈ ભાઈલાભાઈ પટેલ | ૧,૦૦,૦૦૦ |
| ૪૨ | શાંતાબેન છગનભાઈ પટેલ હસ્તે રમીલાબેન | ૧,૦૦,૦૦૦ |
| ૪૩ | સ્વ.ઈશ્વરભાઈ શંકરભાઈ પટેલ હસ્તે રામેશ્વર ટોબેકો.<br>પ્રો.ભુપેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ | ૧,૦૦,૦૦૦ |
| ૪૪ | પ્રવિણચંન્દ્ર મગનભાઈ પટેલ | ૭૫,૦૦૦ |
| ૪૫ | જતીનભાઈ વિનુભાઈ પટેલ | ૫૫,૫૫૫ |

# સમરસ ભાદરણ ગામના દાતાશ્રીઓની યાદી

| અનુ | નામ | રકમ રૂા. |
|---|---|---|
| ૪૬ | રીતેશભાઈ ચંન્દ્રકાન્તભાઈ પટેલ | ૫૧,૦૦૦ |
| ૪૭ | દિનેશભાઈ ચુનીભાઈ પટેલ | ૫૧,૦૦૦ |
| ૪૮ | અશોકભાઈ શનાભાઈ પટેલ | ૫૧,૦૦૦ |
| ૪૯ | ભીખુભાઈ નગીનભાઈ પટેલ | ૫૦,૦૦૦ |
| ૫૦ | સ્વ.શશીકાન્તભાઈ પ્રેમાભાઈ પટેલ હસ્તે અશોકભાઈ | ૫૦,૦૦૦ |
| ૫૧ | પટેલ રસિકભાઈ મગનભાઈ | ૫૦,૦૦૦ |
| ૫૨ | દિનેશભાઈ નવીનભાઈ પટેલ | ૩૦,૦૦૦ |
| ૫૩ | ગાર્ગીબેન જ્યોતીનભાઈ પટેલ | ૨૫,૦૦૦ |
| ૫૪ | મંગેશ ટોબેકો કંપની | ૨૫,૦૦૦ |
| ૫૫ | હર્ષ પ્લાસ્ટીક એન્ડ મશીનરી / શાહ એશોસીએટેસ | ૨૫,૦૦૦ |
| ૫૬ | રાજુભાઈ ધીરુભાઈ પટેલ | ૧૧,૦૦૦ |
| ૫૭ | અચલ કાર્તિકકુમાર ઠક્કર | ૫,૦૦૦ |

**કુલ : ૨,૩૪,૭૮,૨૭૮**

**સ્વ.ડાહ્યાભાઈ ખુશાલભાઈ પટેલ પરિવાર તરફથી જલારામ મંદિર પાસે ૬ ગુઠા જમીન પંચાયતને દાનમાં મળેલ છે.**

## સમરસ ભાદરણ ગામના દાતાશ્રીઓની યાદી
## દરવાજી ભાગોળ

| અનુ | નામ | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | સ્વ.શ્રી હરીહરભાઈ ચતુરભઆઈ પટેલ હસ્તે દિલીપભાઈ હરીહરભાઈ પટેલ | ૭,૦૦,૦૦૦ |
| ૨ | સ્વ.શ્રી મધુભાઈ ડાહયાભાઈ પરીવાર હસ્તે ભુપેન્દ્રભાઈ / અનીલભાઈ | ૬,૦૦,૦૦૦ |
| ૩ | સ્વ.શ્રી ચુનીભાઈ નરોતમદાસ પરીવાર હસ્તે પ્રફુલભાઈ / બિપીનભાઈ | ૬,૦૦,૦૦૦ |
| ૪ | સ્વ.શ્રી હરીહરભાઈ પ્રભુદાસ પરીવાર હસ્તે હિતેનભાઈ (ટીકુભાઈ) (ભાણાભાઈ) | ૫,૫૫,૫૫૫ |
| ૫ | સ્વ.શ્રી કનુભાઈ ચુનીભાઈ પરીવાર હસ્તે હસ્તે દિલીપભાઈ / મનોજભાઈ / જતીનભાઈ | ૫,૦૦,૦૦૦ |
| ૬ | શ્રી જયેન્દ્રભાઈ ભીખુભાઈ પટેલ | ૨,૦૦,૦૦૦ |
| ૭ | શ્રી ભુપેન્દ્રભાઈ મનુભાઈ પટેલ | ૧,૦૦,૦૦૦ |
| ૮ | શ્રી અશોકભાઈ રાવજીભાઈ પટેલ | ૧,૦૦,૦૦૦ |
| ૯ | શ્રી મણીભાઈ ડાહ્યાભાઈ પટેલ | ૧,૦૦,૦૦૦ |

**કુલ : ૩૪,૫૫,૫૫૫**

અત્યારે હાલ ગ્રામજનો પાસેથી લોકફાળો ઉઘરાવવા માટે ૨૫૩ નામોની યાદી બનાવેલ છે. પંચાયતની હાલની જરૂરીયાત મુજબ ઓછામાં ઓછા વ્યક્તિ દીઠ ૨૫૦૦૦/- ઉઘરાવવાનું નક્કી કરેલ છે. જેમાંથી નીચે મુજબ ફાળો મળી ગયેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | સુરેશભાઈ ઝવેરભાઈ પટેલ | ૨૫૦૦૦/- |
| ૨ | અજયકુમાર શસીકાન્તભાઈ પટેલ | ૨૫૦૦૦/- |
| ૩ | રમેશચંદ્ર મોહનલાલ પટેલ | ૨૫૦૦૦/- |
| ૪ | ચંદ્રકાન્તભાઈ હરીભાઈ પટેલ | ૫૧૦૦૦/- |
| ૫ | સતીષભાઈ ઈશ્વરભાઈ પટેલ (પરિવાર) | ૨૫૦૦૦/- |
| ૬ | નીતીનભાઈ કરસનભાઈ પટેલ | ૨૫૦૦૦/- |
| ૭ | રત્નાજી ગલબાજી પુરોહીત | ૨૫૦૦૦/- |
| ૮ | જયમીનકુમાર વસંતલાલ શાહ | ૨૫૦૦૦/- |
| ૯ | લલીતભાઈ ધુળાભાઈ પટેલ | ૨૫૦૦૦/- |
| ૧૦ | સ્વ.શ્રી સવિતાબેન હરીહરભાઈ પટેલ | ૨૫૧૦૦૦/- |
| | (ના સ્મરણાર્થે હ.સુર્યકાંતભાઈ પટેલ) | |